પત્રિકા
૧૪૮

# ચિરાગે હિદાયત

૦૨/૦૩/૧૮
૧૩ જ.સાની

## આ અઠવાડિયાની મુનાસેબત

**૧૩ જ.સાની – વફાતે જનાબે ઉમ્મુલ બનીન(સ.અ.)**

# સમય કેટલો કિંમતી છે?

આજના ઝમાનાની ટેકનોલોજીએ ઈન્સાનને દુન્યવી કામોથી મુક્ત કરવાના બદલે તેને એટલો બધો વ્યસ્ત કરી દીધો છે કે દરેક ઈન્સાનની એક મૂળભૂત સમસ્યા છે જેનાથી આપણે પરીચિત હોઈએ કે ન હોઈએ પણ આપણે તેની ઉપર ધ્યાન નથી આપતા. નાના નાના બાળકોથી લઈને મોટા વ્યક્તિ બધા જ એમ કહેતા હોય છે કે અમારી પાસે 'સમય' નથી. અલગ–અલગ જવાબદારીઓ, ધંધાઓ, નોકરીઓ, સ્કુલ, કોલેજ અને બીજા બધા કાર્યોએ આપણને એટલા બધા ઘેરી લીધા છે કે આપણને એટલો સમય પણ નથી મળતો કે આપણે વિચારીએ, સવાલ કરીએ કે 'હું કયાંથી આવ્યો છું? હું શું કરી રહ્યો છું? અને મારે કયાં જવાનું છે?'

આપણી જિંદગીનો અમુલ્ય સમય એટલો જલ્દી પસાર થઈ રહ્યો છે કે આપણે તેની ગતિનો એહસાસ પણ નથી કરી શકતા.

– મૌલા અલી(અ.સ.) નહજુલ બલાગાહમાં ફરમાવે છે : **''કેટલા જલ્દી દિવસોના કલાકો પસાર થાય છે અને કેટલા જલ્દી મહિનાના દિવસો અને કેટલા જલ્દી વર્ષોના મહિના અને કેટલા જલ્દી જિંદગીના વર્ષો.''** *(હદીસ: ૨૭૯)*

તો અઝીઝો! આ મૂળભૂત સમસ્યાનો એક જ ઉપાય છે કે 'સમય' ઉપર ધ્યાન આપીએ કે જે દરેક ઈન્સાનની જિંદગીનો સરમાયો છે. સૌથી પહેલા આપણે એ જોઈએ કે સમયનું મહત્વ શું છે ?

*   *સમયનું મહત્વ :*

સમય ખૂબજ કિંમતી વસ્તુ છે જેની તુલના પૈસા કે દુનિયાના કોઈ ખઝાના સાથે થઈ શકે નહી કારણ કે તે સૌ કરતા વધારે કિંમતી છે.

– હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે **''તમે દીરહમો દીનાર ખર્ચ કરવામાં કંજુસાઈ કરવા કરતા સમયના વપરાશ બાબતે કંજુસ બનો.''** *(આમાલે શેખ તુસી અ.ર., ૧૯/૫૨૭)*

સમય કિંમતી હોવાની સાથે-સાથે ઝડપથી પસાર થનાર છે, તેને કોઈની પરવાહ નથી અને તેને કોઈની રાહ નથી. જયારથી આ દુનિયા અસ્તિત્વમાં આવી ત્યારથી સમયે તેનું કાર્ય શરૂ કરી દીધું અને જયારે આ દુનિયાનો અંત આવશે ત્યારે જ તેનું કાર્ય પુરૂં થશે. ઈન્સાનના જન્મની સાથે જ તેની જિંદગીની ઘડીયાલના કાંટા ચાલુ થઈ જાય છે, ટીક-ટીક કરે છે અને જયારે તે ઈન્સાન મૃત્યુ પામે છે ત્યારે તેની ઘડીયાલ પણ બંધ થઈ જાય છે. સમય ક્યાં અને કેવી રીતે પસાર થઈ જાય છે તેની ખબર પણ નથી રહેતી.

- મૌલા અલી(અ.સ.) ફરમાવે છે **''ગઈકાલનો દિવસ પસાર થઈ ગયો, આવનાર દિવસનો ભરોસો નથી, તો પછી આજના દિવસને ગનીમત જાણો કે તે તમારા માટે બહેતરીન મૌકો છે.''**

ઈમામ(અ.સ.) આપણને જે સમય અત્યારે આપણી પાસે છે તેનાથી ફાયદો મેળવી લઈએ, તેનો ઉપયોગ કરીએ અને તેને બરબાદ ન કરીએ તેનું ઈલ્મ આપી રહ્યા છે. એક દાખલો જોઈએ કે એક બરફ વેચનાર તેનો બરફ ઓગળે તે પહેલા તેને વહેંચી દેવાની પુરેપુરી કોશિશ કરશે અને જો તે એમાં ઢીલ કરશે તો તેને કેટલું નુકસાન થશે. એવી જ રીતે જો સમયનો તેના અનુરૂપ ઉપયોગ કરી લેવામાં આવે તો હલાકતથી બચી જવાય છે.

- હઝરત ઈમામ જાફરે સાદીક(અ.સ.) ફરમાવે છે કે **''ટાલ મટોળથી કામ લેવાથી પરહેઝ કરો કે તે એવો સમંદર છે જેમાં લોકો ડુબીને હલાક થઈ જાય છે.''**

કોઈપણ કામને બીજા દિવસ માટે અથવા બીજા સમય માટે બાકી રાખવું સમયની અને ઈન્સાનની બરબાદીનું કારણ બને છે. કારણ કે શયતાન હંમેશા આપણી ઉપર છવાયેલો રહે છે તે હંમેશા એ પ્રયત્ન કરે છે ઈન્સાન કોઈ નેક કામ ન કરે અને ખરાબ કામોમાં આપણને મુબ્તેલા કરે છે અને ગુનાહો કર્યા બાદ તૌબા કરવાથી પણ આપણને રોકે છે કે અત્યારે શું છે જયારે ટાઈમ થશે ત્યારે તૌબા કરશું. પણ મોત ઈન્સાનને અચાનક જ પકડી લે છે અને ઘણાંને તૌબા પણ નસીબ નથી થતી. આવી રીતે તે હલાકતનું કારણ બને છે.

જો ઈન્સાન એ વાતનું યકીન કરી લે કે તેનો એક એક શ્વાસ અને એક એક પળ તેને મૌત તરફ લઈ જઈ રહ્યો છે તો તે ક્યારેય પણ તેનો સમય બરબાદ નહીં કરે.

– મૌલા અલી(અ.સ.) ફરમાવે છે ‘‘જે શખ્સ આવતી કાલને તેની જિંદગીનો હિસ્સો સમજે છે તે ખરેખર મૌતની હકીકતથી અજાણ છે.’’

ઈમામ(અ.સ.) ફરમાવે છે કે ‘‘પોતાની જિંદગીને એવી રીતે પસાર કરો જેવી રીતે તમને તેને પસાર કરવા માટે કહેવામાં આવ્યું છે, કારણ કે જેમ તમે એ પસંદ નથી કરતા કે ફુઝુલ ખર્ચા કરો એવી જ રીતે તમારી ઉમ્રને પણ ફુઝુલ કામોમાં ન ગુઝારો.’’

કારણ કે કયામતમાં ઈન્સાનને સવાલ કરવામાં આવશે.

૧) તમારી જવાનીને કયાં પસાર કરી ?

૨) તમારી જિંદગીની ઉમ્ર કઈ રીતે પસાર કરી ?

૩) તમારો માલ કઈ રીતે હાંસિલ કર્યો ?

૪) તમારા માલને કયાં ખર્ચ કર્યો ?

– હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ‘‘અય અબાઝર! તમારી આરઝુઓની બીના ઉપર આજનું કામ કાલ ઉપર છોડવાથી બચો. કારણ કે તમે આજે તો છો પણ પછી તમે નહી રહો. અગર કાલનો દિવસ તમારા માટે ફાયદામંદ હશે તો આજની કોતાહી માટે પસ્તાવો નહી કરવો પડે. પણ અગર કાલનો દિવસ તમારા નસીબમાં નહીં હોય તો આજની ગફલત, ઢીલ અને કોતાહી કાલે પસ્તાવાનું સબબ બનશે.’’

– હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે કે ‘‘કયામતના દિવસે તે બંદાઓ માટે દરેકની ઉમ્રના તમામ દિવસોમાંથી દરેક દિવસ માટે ૨૪ ખઝાના ખોલવામાં આવશે, જે રાત અને દિવસની સંખ્યાની બરાબર હશે. જયારે તે ખઝાનો ખોલવામાં આવશે તો તે બંદા ખુશ થઈ જશે. કારણ કે તે ખઝાનો નુર અને ખુશીથી ભરેલા હશે. આ નુર અને ખુશી એવી હશે કે જો તેને એહલે જહન્નમમાં વહેંચી દેવામાં આવે તો તે એહલે જહન્નમવાળાને આગથી બળવાનો એહસાસ નહી રહે. આ ખઝાનો તેની ઉમ્રની એ કલાકો હશે જયારે તેણે તેનાં રબની ઈતાઅત કરી હશે.

ત્યારબાદ એક બીજો ખઝાનો ખોલવામાં આવશે જે બદબુદાર અને ખોફનાક હશે જેને જોઈને તે ડરી જશે અને જયારે આ ખઝાનાને એહલે જન્નતવાળા ઉપર ખોલવામાં આવશે તો એહલે જન્નતવાળાની નેઅમતોની મઝા બગડી જશે. એટલી

ખોફનાક અને બદબુદાર હશે આ તેની ઉમ્રની એ કલાકો હશે જે તેણે તેના રબની નાફરમાનીમાં પસાર કરી હશે.

ત્યારબાદ એક બીજો ખઝાનો ખોલવામાં આવશે જે ખાલી હશે ન એમાં ખુશી હશે, ન એમાં ડર હશે. આ એ કલાકો હશે જેમાં તેણે મુબાહ કામ કર્યા હશે. દા.ત. : સુવું, ખાવું-પીવું. ત્યારે તે બંદાને નુકસાનનો એહસાસ થશે કે તેણે પોતાના સમયને વેડફી નાખ્યો - ઉપયોગ ન કર્યો.''

અઝીઝો! આ હદીસોને જાણ્યા બાદ અક્કલમંદ ઈન્સાન ખાસ કરીને આપણા જવાનો તેના કિંમતી સમયને ક્યારેય પણ મોબાઈલ ગેમ્સ, ફેસબુક, સ્નેપચેટ વિગેરેમાં બરબાદ નહીં કરે.

** આપણે શું કરવું જોઈએ?*

આપણે આપણા સમયને બરબાદ થતા બચાવીએ. જેની માટે અમુક બાબતોનું ધ્યાન રાખીએ.

૧) સમયનો ઉપયોગ વધારે આખેરતના કામોમાં કરીએ. જેમ કે વાજિબાતની અદાયગી, કુરઆન પઢવું, મોમીનોની મદદ, ઈલ્મ હાંસિલ કરવું વિગેરે.
૨) આપણા કામોને આયોજનની સાથે ગોઠવીએ.
૩) કામ કરવામાં આળસ ન કરીએ, ટાલમટોળ ન કરીએ.
૪) દરરોજ સમયનો હિસાબ કરીએ સારા કામોમાં વપરાયેલ કામ માટે શુક્ર કરીએ અને ગુનાહમાં વપરાયેલ સમય માટે અલ્લાહથી માફી તલબ કરીએ અને બીજા દિવસને બહેતર બનાવીએ.
૫) મૌત જે યકીની છે તેને નજર સમક્ષ રાખીએ. જયારે આ બાબતોનું ધ્યાન રાખશું તો ઈન્શાઅલ્લાહ ઈમામે ઝમાના આવશે, તો આપણને તેમની ખિદમત અને તેમની મદદનો મૌકો મળશે.

અલ્લાહ તઆલા આપણને સૌને તૌફીક આપે કે આપણે આપણો સમય વ્યર્થ કામોમાં વેડફી નાખવાને બદલે એવા કાર્યો કરીએ જેનાથી અલ્લાહની ખુશ્નુદી હાંસિલ થાય. ઈ.અ. **અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ.**

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com